ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
જાહેરનામું ક્રમાંકઃસશપ–૧૧૯૮–૧૧૧૫–અ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧–૬–૨૦૦૨

વિષયઃ– શ્રી બી.એલ.પરમાર ને અન્ય પછાત વર્ગો માટેના પંચની કચેરીમાં સચિવ તરીકે કરારના ધોરણે નિમણૂંક આપવા બાબત.

જાહેરનામુંઃ–

શ્રી બી.એલ.પરમારની અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગરની કચેરીમાં સચિવ તરીકે નીચે દર્શાવેલ શરતો અને બોલીઓને આધીન કરારના ધોરણે તા.૧–૬–૨૦૦૨ થી તા.૩૧–૫–૨૦૦૩ ના એક વરસ ના સમય ગાળા માટે પુનઃ નિમણૂંક કરવામાં આવે છે.

બોલીઓ અને શરતો.

૧. આ કરાર ખાસ હુકમથી લંબાવવામાં ન આવે તો તા.૩૧–૫–૨૦૦૩ ના રોજ કરારનો આપોઆપ અંત આવેલો ગણાશે.
૨. ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસનો કુલ મળતર સાથેનો નોટીસ પગારઆપીને કરારનો અંત લાવી શકાશે.
૩. શ્રીપરમાર નિવૃત્તિની તારીખે મળતા પગાર ધોરણમાં જે કુલ વેતન મળતું હોય તે વેતનમાંથી તેમને મળતું મુળ પેન્શન બાદ કરતાં જે રકમ આવે તે રકમ માસિક એકત્રિત વેતનના દર તરીકે મળવાપાત્ર થશે.
૪. ઉપરોક્ત શરત નં.૩ મુજબ એકત્રિત વેતન પર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.
૫. કરારના સમયગાળા દરમ્યાન શ્રીપરમારને એકત્રિત વેતનમાં કોઈ પણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહી. મોધવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહી.
૬. કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે.
૭. કરાર દરમ્યાન વધારાની નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી.,એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહી.
૮. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબજનોને મળવા પાત્ર થશે, પરંતું બીજા કોઈ નાણાંકીય લાભ એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ.
૯. શ્રી પરમારને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.

— ૨ —

૧૦. શ્રી પરમારને કરારના સમય દરમ્યાન ૧૨ પરચૂરણ રજા મળવા પાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહિ.

૧૧. શ્રી પરમારએ કાર્યમથક પર રહેઠાણ રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહિ.

૧૨. શ્રી પરમારએ સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના પ્રવર્તમાન ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

૧૩. શ્રી પરમારને ગુજરાત સીવીલ સર્વીસીસ (કન્ડકટ) રુલ્સ, ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરાર કોઈ પણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૪. શ્રી પરમારએ તેમને મળનાર એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

૧૫. સરકાર તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરુરી શરતો નકકી થાય તે,

૨/— આ હુંકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સા.વ.વિભાગની તા.૨–૫–૨૦૦૨ ની અને નાંણા વિભાગની તા.૨૭–૫–૨૦૦૨ ની નોંધથી મળેલી સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.સી. રાઠોડ)
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
સચિવશ્રી, અન્યપછાત વર્ગો માટેનું પંચ,
બંગલા નં.૨૨૮/એ/ખ,
સેકટર–૧૯, ગાંધીનગર.

નકલ રવાના:—
માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સા.શૈ.પ.વ, સચિવાલય, ગાંધીનગર તરફ આપના તા.૨૫/૨/૨૦૦૨ના પત્ર ક્રમાંક રા.ક.મં.સા.શૈ.પ.વ. ક/૨૧૪/૨૦૦૨ના અનુસંધાને જાણ સારુ.
સામાન્ય વહીવટ વિભાગ, ગ–૨ શાખા, સચિવાલય, ગાંધીનગર.
નાંણા વિભાગ–ઝ–૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અમદાવાદ.
હિસાબી અધિકારીશ્રી, પેન્સન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, લાલાકાકા એસ્ટેટ, ખાનપુર દરવાજા પાસે, અમદાવાદ.
શ્રી બી.એલ.પરમાર, પ્લોટનં.૩૦૧, ફ્લેટ નં.૧ સનરાઈસ એપાર્ટમેન્ટ, સેકટર–૨૦, ગાંધીનગર
સીલેકટ ફાઈલ.
૧૧૧૫અ